**વડીલોને વંદન**
**અભિનંદન**
આજે જન્મદિવસ



આશાબેન અરવિંદભાઈ દોશી
(૧૯૪૮) ફોન : ૨૩૨૬૦૬૦૬


## બહુજન સુરક્ષા દળ ૪૦ સીટ પરથી ચૂંટણી લડશે

અમદાવાદ, તા. ૨૪

દેશમાં મોટાભાગના રાજ્યોમાં પરિવર્તનની લહેર પ્રવર્તી છે અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત રાજ્યમાં પણ પરિવર્તન આવશે. અમારો પક્ષ ૪૦ બેઠકો પરથી ચૂંટણી લડશે. તેમ બહુજન સુરક્ષા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.એન.ટી.સેંગલે જણાવ્યું હતું.

અમદાવાદમાં સરદાર સ્મારક લાલદરવાજા ખાતેનાં હોલમાં રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ.એન.ટી.સેંગલે વધુમાં જણાવ્યું હતું કે અમારી પાર્ટી ગુજરાત રાજ્યમાં ૪૦ બેઠકો પરથી ચૂંટણી લડશે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણા વર્ષોથી ત્રીજુ પરિબળ ઉભુ ન થાય તે માટેના પ્રયાસો બે મોટા રાષ્ટ્રીય પક્ષો ભાજપ અને કોંગ્રેસની કરી રહ્યાં છે. પરંતુ હવે સમય બદલાયો છે. ગુજરાત સહિત દેશની પ્રજા સમજે છે કે કોંગ્રેસ અને ભાજપ એક જ સિક્કાની બે બાજુઓ છે. ગુજરાતમાં દલીતો અને લઘુમતીઓની હાલત જેવી જ મીડલમેનની થઈ રહી છે. ચૂંટણી આવે એટલે નેતાઓને લોકો યાદ આવે છે. આવી કુનિતીનો પર્દાફાશ કરી લોકોને વાસ્તવીક સમજાવીશું. ગુજરાતના પ્રમુખ દિપનસિંહ પરમારે જણાવ્યું હતું કે અમારી પાર્ટી આગામી દિવસોમાં કેટલાક આઈએએસ અને આઈપીએસના કૌભાડનો પર્દાફાશ કરી મોદી શાસનનો વાસ્તવિક ચિતાર પ્રજા સમક્ષ રજૂ કરશે.

### પદયાત્રીઓને પીરસાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવે છે. અહીં જમવામાં કઢી, ખીચડી આપવામાં આવે છે. નાસ્તામાં ચવાણુ અને સુકો નાસ્તો આપવામાં આવે છે.

પંચદેવ મંદિર સેક્ટર-૨૨ ખાતે ચાર વર્ષથી ચલાવવામાં આવે છે. ચા-પાણી, સુકો નાસ્તો, ફ્રૂટ યાત્રાળુઓને આપવામાં આવે છે. જમવામાં ખીચડી, શાક, કઢી, મહાપ્રસાદ પીરસવામાં આવે છે. સાથે મીરીન્ડા ઠંડુ પીણું આપવામાં આવે છે.

# ભવ્ય ગુજરાતનું નિર્માણ કરાશે : નરેન્દ્ર મોદી

## સુરતમાં યુવા શક્તિનાં સાક્ષાત્કારથી મોદી ભાવવિભોર બન્યાંસુરતમાં શહેરી માળખાકીય સુવિધા વિકાસનાં ૯૬૩ કરોડનાં કામોનું ખાતમુહુર્ત : હવે શિક્ષકો ૩૦૦ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર કરી શકશે




ગાંધીનગર, તા.૨૪

ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પણ મહત્વકાંક્ષી જાહેરાતો કરી હતી. ઉપરાંત તેમણે એમપણ કહ્યું હતું કે, જાન્યુઆરી બાદથી ભવ્ય ગુજરાતનું નિર્માણ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સુરતમાં વિવેકાનંદ યુવા પરિષદમાં ઉમટેલી યુવા શક્તિથી ભાવવિભોર બન્યા હતાં. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો-આચાર્યોને નિવૃત્તિ સમયે તેમની જમા પ્રાપ્ત રજા અને અર્ધપગારી રજાના રોકડમાં રૂપાંતરને બે ગણું કરવાની મહત્વાકાંક્ષી જાહેરાત કરી છે. નરેન્દ્ર મોદીએ રાજ્યના પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો-આચાર્યોને નિવૃત્તિ સમયે તેમના ખાતામાં જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજા બંને મળીને કુલ ૧૫૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની પ્રવર્તમાન સ્થિતિમાં વૃદ્ધિ કરી હવેથી આવી કુલ ૩૦૦ દિવસની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનો નિર્ણય કર્યો છે.

આ માટેના નિયમોમાં આ અંગે જરૂરી સુધારા કરવાના આદેશો પણ મુખ્યમંત્રીએ કર્યા છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સુરતમાં વિવેકાનંદ યુવા પરિષદમાં વિશાળ યુવાશક્તિના સાક્ષાત્કારનું અંતઃકરણથી અભિવાદન કરતાં સમગ્ર દેશ આજે નિરાશ અને દુર્દશાની ગર્તામાં ધકેલાઈ ગયો છે ત્યારે ગુજરાત એકમાત્ર વિકાસના એષઃ પંથાના માર્ગે વિવેકાનંદના સપના સાકાર કરવા યુવાશક્તિને સામર્થ્યવાન બનાવશે એવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ગુજરાતમાં તેમને સૌથી લાંબો સમય જનતાની સેવાનો અવસર મળ્યો છે અને હવે ૨૦૧૩ના જાન્યુઆરીથી દિવ્ય અને ભવ્ય ગુજરાતનું પાંચ વર્ષમાં નિર્માણ કરવાનો નિર્ધાર મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.

વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના ઉપક્રમે ગુજરાતભરમાં સાત યુવા પરિષદોનું આયોજન મુખ્યમંત્રીની નિશ્રામાં થયું છે. આજે આ શ્રેણીની છઠ્ઠી યુવા પરિષદ સુરતના ઈન્ડોર સ્ટેડીયમમાં યોજાઈ હતી.

આ અવસરે નરેન્દ્ર મોદીએ સુરત મહાનગર સેવા સદનના ઉપક્રમે શહેરી માળખાકીય સુવિધા વિકાસના રૂા. ૯૬૩ કરોડના કામોના શિલાન્યાસની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે ગામો અને નગરોમાં યુવાનોના નેતૃત્વ અને ખેલ કૌશલ્યના વિકાસ માટે વિવેકાનંદ યુવા કેન્દ્રોને પ્રેરિત કર્યા છે તેમને પ્રતિકરૂપે રમતના સાધનોના કિટ્સ-સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સાબરમતી નદીમાં ગણપતિ વિસર્જન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# સુરતમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ વેળા કોંગ્રેસ કાર્યકરોનાં દેખાવ

**કાર્યક્રમમાં એનએસયુઆઈ અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ કાળા વાવટાની સાથે વિરોધ કર્યો : ૧૦૦થી વધુની અટક**

સુરત, તા.૨૪

આજે સાંજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે વિવેકાનંદ યુવા પરિષદ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ હતું. યુનિવર્સિટી દરેક કોલેજમાંથી ફરજિયાત વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીનું પ્રવચન સાંભળવા જવા દબાણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ વિદ્યાર્થીઓએ મોદીના કાર્યક્રમનો સખત વિરોધ કર્યો હતો.

આજે એસપીબી કોલેજમાં વિદ્યાર્થીઓ કાળા કપડા પહેરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. શહેરની અન્ય કોલેજોના જીએસ દ્વારા પણ ફરજિયાતપણે મુખ્યમંત્રી કાર્યક્રમમાં હાજરી આપવાનો વિરોધ દર્શાવ્યો છે. એનએસયુઆઈ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ ઈન્ડોર સ્ટેડિયમમાં કાળા કપડા પહેરીને ગયા હતા. આ ઉપરાંત શહેર કોંગ્રેસના આગેવાનો અને એનએસયુઆઈના કાર્યકરોએ વનિતા વિશ્રામ ખાતે મોટી સંખ્યામાં કાળા કપડા પહેરી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમનો બેનરો સાથે મોદીની હાય હાય સાથે વિરોધ દર્શાવ્યો હતો. બેનરોમાં ઉત્સવોમાં પૈસા ન લૂંટાવો અમને શિક્ષણ સસ્તું અપાવો જેવા બેનરો સાથે સ્કૂલના વિદ્યાર્થીઓ પણ મળ્યા હતા. અલગ અલગ બેનરો સાથે આવેલા કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓ વનિતા વિશ્રામથી અઠવાલાઈન્સ તરફ પ્રસ્થાન કરતા શહેર પોલીસના મોટા કાફલાએ એનએસયુઆઈ અને કોંગ્રેસના આગેવાનો સહિત કાર્યકર્તાઓની અટક કરવાનો પ્રયાસ કરતા કાર્યકર્તાઓ માર્ગ પર સૂઈ જઈને રિંગરોડનો વાહનવ્યવહાર થંભાવી દીધો હતો. દરમિયાન મુખ્યમંત્રીના કાર્યક્રમનો વિરોધ પ્રદર્શિત કરનાર કાર્યકરોની શહેર પોલીસે અટક કરી હતી.

# યુનિ.ના કુલપતિની સુરક્ષામાં બાઉન્સર, ગનમેન ગોઠવાયા

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. આદેશપાલે એકા એક પોતાની સુરક્ષામાં વધારી બાઉન્સરો અને ગનમેનો મળી કુલ ૧૩ સીકીયોરીટીના જવાનો ખડકી દેતા યુનિવર્સિટીના કર્મચારીઓમાં આશ્ચર્યની લાગણી ફેલાઈ ગઈ છે. હાઈફાઈ સીકીયોરીટી જોઈ વિદ્યાર્થીઓ તો ઠીક કોલેજના અધ્યાપકો અને યુનિવર્સિટીના કર્મચારીઓ પણ તેમને મળવા આવતા ડરે છે. સીકીયોરીટી પાછળ થનાર લાખ્ખો રૂપિયાના ખર્ચનો કોઈ હિસાબ રજિસ્ટ્રાર પાસે નથી. યુનિવર્સિટીના નિતીનિયમો મૂકી શિક્ષણના ધામમાં કોઈ કારણ વગર એકા એક સીકીયોરીટી વધારી દેવાના નિર્ણયનો અધ્યાપકો અને વિદ્યાર્થી સંગઠનોએ વિરોધ કર્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની નિમણૂંક થયાની સાથે જ વિવાદોનો દોર શરુ થઈ ગયો છે. કુલપતિ દારૂડિયા અને કૌંભાડી હોવાનો કોંગ્રેસે પૂરવા રજૂ કરી તેમને દૂર કરવાની રાજ્યપાલ સમક્ષ માંગણી પણ કરી છે. હાલ યુનિવર્સિટીમાં સીન્ડીકેટની ચૂંટણી હોવાથી ઉમેદવારો પોતાના પ્રચારમાં વ્યસ્ત છે. બીજીબાજુ કોઈ પણ કારણ વગર કુલપતિએ એકાએક પોતાની સુરક્ષામાં વધારો કરી દેતા શહેર શિક્ષણ જગતમાં આશ્ચર્યની લાગણી ફેલાઈ ગઈ છે. કુલપતિએ પોતાની સીકીયોરીટી માટે હાલ આઠ જેટલા બાઉન્સર અને પાંચ ગનમેન મળી કુલ ૧૩ સીકીયોરીટી રાખી છે. આ ઉપરાંત પોતાના ઘરે પણ સીકીયોરીટીમાં વધારો કરી દેવામાં આવ્યો છે. આ સીકીયોરીટીનો વાર્ષિક ખર્ચ

લાખ્ખો રૂપિયાનો થશે. તેમ છતાં સીકીયોરીટીના ખર્ચનો કોઈ હિસાબ નથી. રજિસ્ટ્રારને પૂછતા તેમણે જણાવ્યું હતું કે મને સીકીયોરીટીના ખર્ચ અંગે હાલ કોઈ જાણકારી નથી. મને સીકીયોરીટી માટે ફક્ત મૌખીક આદેશ મળ્યો છે. જોકે કુલપતિને આ અંગે કોઈ લેખિત મંજૂરી લેવાની જરૂર હોતી નથી. કોંગ્રેસે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે યુનિવર્સિટી શિક્ષણનું ધામ છે. જેમાં આટલી મોટી સંખ્યામાં સીકીયોરીટી રાખવાનો ખર્ચ બિનજરૂરી છે.

### પ્રોપર્ટીકાર્ડ અપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

શેરથા, ઉવારસદ અને મોટી આદરજ ગામનો સમાવેશ થાય છે. આ ગામોની મિલ્કતોના રેકર્ડ પણ ગાંધીનગર ખાતેની કચેરીમાં ફેરવવા માટે રાજ્ય સરકારે અલગથી આદેશો કર્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સીટી સર્વેની કચેરી દ્વારા જે પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યું છે તેમાં સીટી સર્વેનો નંબર હાલ દરેક સેક્ટરમાં જે પ્લોટ નંબર છે તે જ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોપર્ટીકાર્ડમાં ટી.પી. નંબર, ફાળવેલ પ્લોટ નં., ક્ષેત્રફળ, સત્તા પ્રકાર તેમજ સરકારને ભરવાના આકાર અથવા ભાડા સંબંધી અને ફેર આકારણી માટે પુરી થતી મુદત સહિતની વિગતો દર્શાવવામાં આવશે.

આ પ્રોપર્ટી કાર્ડમાં સગવડો ખાતેદારનું નામ, બીજા બોજાઓ પણ દર્શાવવામાં આવશે. ગાંધીનગર શહેરમાં આવેલ એપાર્ટમેન્ટના હોલ્ડરોને પણ આ પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરની રચનાને સાડાચાર દાયકા થયા બાદ પહેલીવાર આ પ્રોપર્ટી કાર્ડ સીટી સર્વેની કચેરી દ્વારા આપવામાં આવી રહ્યા છે.

### સામ-સામે આક્ષેપો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજની સામાન્ય સભામાં કલોલ તાલુકાના ગેરકાયદે દબાણોના મુદ્દે જવાબદારો સામે પગલાં લેવાનો આગ્રહ પણ શ્રી અજીતસિંહ રાઠોડે કર્યો હતો.

આજની બેઠકમાં સામાન્ય સભામાં થયેલા નિર્ણયોની અમલવારીમાં તંત્ર દ્વારા કરવામાં આવતા ઠાગાઠૈયા અને સામાન્ય સભાને પણ ગેરમાર્ગે દોરવામાં આવતી હોવા અંગે સભ્યોએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી અનેક નિર્ણયો ટાંક્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટે આગામી દિવસોમાં આવુ નહિ થાય તેની હૈયાધારણ આપી પરિસ્થિતિને કથળતી અટકાવવામાં સફળતા મેળવી હતી.

રેતી-કાંકરીની ગ્રાન્ટના મુદ્દે એક તબક્કે ભાજપ-કોંગીના સભ્યો આમને સામને આવી ગયા હતા. દરેક સભ્યને સરખી ફાળવણી કરવામાં આવે તેવી વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલ, જયેશ પટેલ, નવિન પટેલ, ગુણવંતસિંહ ચાવડા સહિત સૌએ રજુઆત કરી હતી.

આ ગ્રાન્ટની ફાળવણી બાદ નો ડ્યુ નું પ્રમાણપત્ર નહિ મોકલવામાં આવતાં રૂ. ૮ કરોડ જેટલી રકમ સરકારમાં અટવાઈ જવા પામી હોવાના ચોંકાવનારી હકીકત શ્રી અજીતસિંહ રાઠોડે કરતાં સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભટ્ટે આ બાબતે જરૂરી કાર્યવાહી તાત્કાલિક કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

આજની આ બેઠકમાં શિક્ષણ સમિતિમાં બે સભ્યોની નિમણુંકનો મુદ્દો મુલ્તવી રાખવામાં આવ્યો હતો.

# થાનગઢમાં ગોળીબાર પ્રકરણે પીએસઆઈ આખરે સસ્પેન્ડ

## અથડામણનાં એક દિવસ બાદ ભારે તંગદિલી : મૃતકના પરિવારજનોની પીએસઆઇ વિરુદ્ધ ગુનો નોંધવા માંગણી

અમદાવાદ, તા.૨૪

થાનગઢમાં ત્રણ દલિતોનાં મોત બાદ આજે બીજા દિવસે પણ તંગદિલીભરી સ્થિતિ રહી હતી. સ્થાનિક લોકોમાં ભારે નારાજગી દેખાઈ રહી છે. તંગદિલીનાં પરિણામ સ્વરૂપે સાવચેતીનાં તમામ પગાલં લેવામાં આવ્યાં છે.

દરમિયાન સુરેન્દ્રનગરનાં થાનગઢ ખાતે મેળામાં થયેલી બોલાચાલીને પગલે ભરવાડ અને દલિતો વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં પોલીસે ગોળીબાર કરતાં ત્રણ દલિત યુવાનોનાં મોત થયા હતા. આ ઘટનામાં દલિતોના રોષને પગલે ગોલીબાર કરનાર પીએસઆઈ કે. પી. જાડેજાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જો કે, તેમ છતા પણ દલિત લોકોએ તે પીએસઆઈની વિરુદ્ધમાં હત્યાનો ગુનો નોંધવાની ઉગ્ર માંગ કરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે, થાનગઢમાં ૧૯ થી ૨૨ તારીખ સુધી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શનિવાર મેળાનો છેલ્લો દિવસ હોવાથી મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતાં. દરમિયાનમાં શનિવારે રાત્રિનાં સુમારે દલિત યુવાન અને ભરવાડ યુવાન વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ભરવાડોએ અન્ય એક દલિત યુવાન રણજીત કાનજીભાઈ પરમાર ઉપર હુમલો કર્યો હતો જેથી બંને જુથો સામસામે આવી ગયા હતાં.

દરમિયાનમાં મોડી રાત્રિનાં સુમારે આંબેડકરનગરનાં દલિતોનાં ટોળેટોળા નીકળી પડ્યા હતાં, જેની જાણ પોલીસને થતાં પોલીસ ટીમ દોડી આવી હતી. ટોળાએ પોલીસ પર પથ્થરમારો

શરૂ કરી દીધોહતો. ભારેપથ્થરમારામાં હોમગાર્ડ જવાન ચંદ્રકાંત પ્રભુદાસ મોરી (ઉ.વ.૫૦)ને ઈજા થવા પામી હતી. દરમિયાનમાં પોલીસે દલિત લોકોનાં ટોળા પર ગોળીબાર કર્યો હતો, જેમાં ૧૬ વર્ષીય પંકજ અમરસીભાઈ સુમરાને ગોળી વાગી હતી, બાદમાં તેને સારવાર માટે રાજકોટ લઈ જવાયો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બીજીતરફ સમગ્ર થાનગઢમાં અફડા-તફડીનો માહોલ સર્જાતાં પોલીસ અધિકારીઓ પણ દોડી આવ્યા હતાં.

દરમિયાનમાં ગઈકાલે બપોરના સુમારે દલિતોએ ગોળીબાર કરનાર પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવા માંગ કરી હતી.

# થાનગઢ : પોલીસ ફાયરિંગ વિરુદ્ધ કોંગ્રેસ દ્વારા ધરણાં

અમદાવાદ, તા.૨૪

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં પોલીસે કરેલા ગોળીબારમાં ત્રણ નિર્દોષ દલિત યુવાનોના મોત નીપજ્યાહતા. પોલીસના દમનની વિરોધમાં શહેર કોંગ્રેસ દ્વારા આજે સારંગપુરમાં ડો. બાબા સાહેબ આંબેડકરના બાવલા પાસે ધરણાં અને સૂત્રોચ્ચારનો પ્રારંભ યોજાયો હતો.

શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહે થાનગઢમાં પોલીસ દમનની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢતા જણાવ્યું હતું કે, આટલી મોટી ઘટના બનવા છતાં ભાજપના સત્તાધીશ ઘોર નિંદ્રામાં પોઢી રહ્યા છે. ત્રણ દલિત યુવાનોના મૃત્યુ થયા હોવા છતાં પણ સહાનુભૂતિના શબ્દો ન બોલવાવાળા મુખ્યમંત્રીએ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. કોંગ્રેસ દ્વારા ગૃહમંત્રીના રાજીનામા માટે ઉગ્ર આંદોલન કરશે.



જાદુગર કે.લાલની અંતિમ યાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

## શબ્દાવલી - ૪૮૫૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | |
| | ■ | ૬ | | | ૭ | | ■ |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ૧૬ | | | ૧૭ | | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | ૨૦ |
| | ■ | | ■ | ૨૧ | ■ | ૨૨ | |
| ૨૩ | | ■ | ૨૪ | | | ■ | |

**આડી ચાવી**

૧. માણસખાઉં (૫)
૫. ખીણ (૨)
૬. લાતમલાત (૫)
૮. એક કાળો પદાર્થ રોડ બનાવવા વપરાય (૨)
૧૦. એક કઠોળ (૨)
૧૨. ધણી, માલિક, પરમેશ્વર (૨)
૧૪. પાસે એક પણ પૈસો ના હોય તેવો (૬)
૧૮. જાદુ, ખેલ (૪)
૧૯. એક કલર, રંગ (૩)
૨૨. દારૂ, મદિરા (૨)
૨૩. પૃથ્વી (૨)
૨૪. આશય, ભાવ (૩)

**ઊભી ચાવી**

૧. આડા થવું, નડવું (૪)
૨. એક હિંસક જળચર (૩)
૩. ખોડખાંપણ (૨)
૪. 'મદાર' શબ્દ અવ્યવસ્થિત (૩)
૫. આમલીના સ્વાદનું (૨)
૭. મોઢે બોલી જવું, ભણી જવું (૨)
૯. મશ્કરી કરે તેવું, પાંપણ કાળી કરે તે પદાર્થ (૪)
૧૧. પીડા (૨)
૧૩. બાકી રાખવું (૩)
૧૪. બિલાડીના ટોપ જેવું ખાદ્ય (૪)
૧૬. શિવજી... વગાડે (૩)
૧૭. દ્રાક્ષની... હોય (૨)
૧૮. ખાટકી (૩)
૨૦. લોચન, ચક્ષુ (૩)
૨૧. મેવાડની કૃષ્ણભક્તિ સ્ત્રી (૨)

### શબ્દાવલી ૪૮૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ફારગતિ (૩) કરજ (૬) જજ (૭) કરવટ (૮) લવાજમ (૧૦) ડીમ (૧૧) નાસમજ (૧૪) રૂખસદ (૧૬) બારાખડી (૧૮) કંદ (૧૯) દવ (૨૦) હાડકા (૨૧) તણખો (૨૨) લટ

**ઊભી ચાવી :-** (૧) ફાજલ (૨) રજવાડી (૩) કરમસદ (૪) રવ (૫) જટ (૯) જમરૂખ (૧૧) નાસ (૧૨) જલદ (૧૩) ઈબાદત (૧૫) ખડી (૧૭) રાવણ (૧૮) કંકાલ (૨૦) હામ